**ક્રિમીનલ કેસ નં.૧૦૧૦૬૦/૨૦૦૫**

**<u>આંક –૧ લગત હુકમ</u>**

કમ આજ રોજ કેસ હાથ પર લીધો. સબબ આજ રોજ વિ.એ.પી.પી.શ્રી એ હાલની અરજી આપી આરોપી વિરૂધ્ધનો કેસ સબબ વીડ્રો પુરસીસ આપી પરત ખેંચવાની પરવાનગી માંગેલ છે. સબબ અરજીની પુરસીસ વંચાણે લેતાં, જેમાં જણાવેલ છે કે , મે.જિલ્લા મેજી . શ્રી ના પત્ર ક્રમાંક નં . એમએજી / ડોરમન્ટ કેસ / વર્શી / ૧૯૪૪ – પર / ૨૦૨૨, તા .૨૩ / ૦૬ / ૨૦૨૨ ના પત્ર અનુસંધાને અને અનુસાર વિ.એ.પી.પી. શ્રી નાઓને ઉપરોકત કેસ પરત ખેંચવાનો હુકમ થયેલ છે .

જે સબબ વિ.અ.પી.પી. શ્રી નાએ ઉપરોકત વીડ્રો કરવા સબબ પુરસીસ આપી પરવાનગી માંગેલ છે .

આમ , આરોપી વિરૂધ્ધ ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈને ધ્યાને લેતાં, તેમજ કેસની હકીકત, સંજોગોને અને કાયદાકીય જોગવાઈને ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે .

**<u>હુકમ</u>**

૧. સદર કેસ કિ.પ્રો.કોડની કલમ –૩૨૧ મુજબ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.

૨. આરોપીઓને આક્ષેપિત ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે . જો હુકમ ન થયેલ હોય તો કિમતી મુદામાલ તેની માલીકી બાબતની ખરાઈ કરી હકકદાવો કરનારને પરત કરવો . કિમતી મુદામાલ અંગે કોઈ હકકદાવો કરતા ન હોય અપીલ સમય પુરો થયેથી તેવી રકમ સરકાર ખાલસા કરવી જો કિમતી મુદામાલ રોકડ રકમ સિવાયની કીંમતી વસ્તુ હોય તો નિયમ મુજબ જાહેર હરાજીથી તેનુ વેચાણ કરી, રકમ સરકાર ખાતે જમાં કરાવવી. અને અન્ય બીનકીંમતી મુદામાલનો અપીલ સમય વીત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૨૬ મી, માહે–જુન , સને –૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સિટીંગમાં ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો .

તારીખ : ૨૬/૦૬/૨૦૨૨
સ્થળ : સુરત

( કુ.શ્રધ્ધા નાનજીભાઈ ફાળકી )
૮ માં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સુરત
CODE NO.001579